# શ્રી વિમલનાથ ભગવાન

*Shree Vimalnath Bhagwan — Chaityavandan, Stavan & Stuti*

## ચૈત્યવંદન

આત્મિક સિદ્ધિ આઠ જે, આઠ વસુના ભોગી; ૧
આત્મવસુ પ્રગટાવીને, નિર્મલ થયા અયોગી.

કરી વિમલ નિજ આત્મા, થયા વિમલ જિનરાજ; ૨
પ્રભુ પેઠે નિજ વિમલતા, કરવી એ છે કાજ.

આત્મવિમલતા જે કરે એ, સ્વયં વિમલ તે થાય; ૩
વિમલ પ્રભુ આલંબને, વિમલપણું પ્રગટાય.

## સ્તવન

મુજ અવગુણ મત દેખો. પ્રભુજી.
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાળું.
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું. પ્રભુ.૧.
મોહ લેશ ફરસ્યો નહિ તુંહી, મોહ લગન મુજ પ્યારી.
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી. પ્રભુ.૨.
તું હિ નિરાગી ભાવ-પદ સાધે, હું આશા-સંગ વિલુદ્ધો.
તું નિશ્ચલ હું ચલ, તું સૂદ્ધો હું આચરણે ઊંધો. પ્રભુ.૩.
તુજ સ્વભાવથી અવલા મારા, ચરિત્ર સકલ જગ જાણ્યા.
એહવા અવગુણ મુજ અતિ ભારી, ન ઘટે તુજ મુખ આણ્યા. પ્રભુ.૪.
પ્રેમ નવલ જો હોય સવાઈ, વિમલનાથ મુખ આગે.
કાન્તિ કહે ભવરાન ઉતરતાં, તો વેલા નવિ લાગે. પ્રભુ.૫.

## સ્તુતિ

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો, શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિફારો.
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો, ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો.